### મેડિકલ, આર્કિટેક્ટ ક્ષેત્રમાં ટોપ 100માં રાજ્યની એકપણ કોલેજને સ્થાન ન મળ્યું !

# NIRF યુનિ. રેંકિંગમાં ગુજરાતની એકમાત્ર આણંદ એગ્રિકલ્ચર યુનિ. 67મા ક્રમે આવી

**» ઓવરઓલ કેટેગરીમાં આઈઆઈટી-ગાંધીનગર અને એગ્રિકલ્ચર યુનિ. એમ, બે સંસ્થાનો સમાવેશ**

**નવગુજરાત સમય** > અમદાવાદ

એમએચઆરડી- માનવ સંસાધન મંત્રાલય દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેંકિંગ ફ્રેમવર્કના માધ્યમથી દેશની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાનું મૂલ્યાંકન કરીને વર્ષ ૨૦૧૯ માટેનો અહેવાલ જાહેર કરી દેવાયો છે. લોકસભાની ચૂંટણી હોવાથી રાષ્ટ્રપતિ દ્વારા આ રેંકિંગની જાહેરાત કરાઈ હતી. વર્ષ ૨૦૧૮માં યુનિવર્સિટીઓની કેટેગરીમાં ગુજરાતની આણંદ એગ્રિકલ્ચર ૮૩મા અને નિરમા યુનિવર્સિટી ૯૪મા ક્રમે આવી હતી. જ્યારે વર્ષ ૨૦૧૯ના રેંકિંગમાં આણંદની એકમાત્ર આણંદ એગ્રિકલ્ચર યુનિ. ૬૭મા ક્રમમાં આવી છે. આ સિવાય રાજ્યની એકપણ યુનિવર્સિટી ટોપ ૧૦૦મા સ્થાન મેળવી શકી નથી. ઓવરઓલ કેટેગરીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. જ્યારે ગુજરાત યુનિવર્સિટી ૧૧૨માં સ્થાને આવી છે.

દેશભરની જુદી જુદી સંસ્થામાં વિવિધ ધારાધારણોના આધારે જે તે સંસ્થાઓનું મૂલ્યાંકન કરાય છે. એનઆઈઆરએફ દ્વારા યુનિ., મેનેજમેન્ટ સંસ્થા, ફાર્મસી, ઈજનેરી અને વોકેશનલ કોર્સ ચલાવતી સંસ્થાનું મૂલ્યાંકન કરાતું હોય છે. જેમાં પ્રથમ ૧૦૦ ક્રમમાં આવનારી સંસ્થાઓના રેંકની સત્તાવાર જાહેરાત કરાય છે. ગતવર્ષ જેટલી જ સંસ્થાઓ આ વખતે પણ અરજી કરી હતી. ઓવરઓલ કેટેગરીમાં ચાલુ વર્ષે પણ સ્ટેટ યુનિવર્સિટી કહી શકાય તેવી યુનિવર્સિટીઓને સ્થાન મળ્યું નથી. આણંદ એગ્રિકલ્ચર યુનિ. ગતવર્ષે ૮૩મા રેંકમાં હતી તે આ વર્ષે ૬૭ રેંકમા આવી છે. જ્યારે નિરમા યુનિ.ને ગતવર્ષે ૭૫મો રેંક હતો પરંતુ આ વખતે નિરમા યુનિ. ને સ્થાન મળ્યું નથી પરંતુ આઈઆઈટી-ગાંધીનગર ૫૧માં રેંકમાં આવી છે. અથાગ પ્રયાસો કરવા છતાં ગુજરાત યુનિવર્સિટી પ્રથમ ૧૦૦માં સ્થાન મેળવી શકી નથી.

**ઓવરઓલ કેટેગરીમાં 100મા ગુજરાતની બે સંસ્થાનો સમાવેશ:** (1) આઇઆઇટી-ગાંધીનગર ૪૭.૮૫ સ્કોર સાથે ૫૧માં ક્રમે (2) આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ૪૧.૨૦ સ્કોર સાથે ૬૭ ક્રમે આવી છે.

**યુનિ .કેટેગરીમાં 100મા એક સંસ્થા :** (1) આણંદ એગ્રિકલ્ચર યુનિ.૪૧.૨૦ સ્કોર સાથે ૬૭મા ક્રમે

**ઇજનેરી કોલેજ કેટેગરીમાં 100મા ત્રણ સંસ્થા :** (1) IIT-ગાંધીનગર ૫૪.૩૨ સ્કોર સાથે ૨૪મા ક્રમે (2) SVNIT, સુરત ૪૧.૮૮ સ્કોર સાતે ૫૮મા ક્રમે (3) ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ૩૬.૩૯ સ્કોર સાથે ૯૧મા ક્રમે આવી છે.

**મેનેજમેન્ટ કેટેગરીમાં ટોપ 100મા ત્રણ સંસ્થા :** (1) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ-આઇઆઇએમ, અમદાવાદ ૮૦.૬૧ સ્કોર સાથે બીજા ક્રમે (2) નિરમા યુનિવર્સિટી ૪૪.૨૨ સ્કોર સાથે ૪૦મા ક્રમે અને (3) રૂરલ મેનેજમેન્ટ, આણંદ ૪૪.૧૩ સ્કોર સાથે ૫૧મા ક્રમે

**લૉ કોલેજ કેટેગરીમાં 100મા એક સંસ્થા:**(૧) ગુજરાત નેશનલ લૉ યુનિ. ૫૮.૬૪ સ્કોર સાથે ૯મા ક્રમે

**ફાર્મસી કેટેગરીમાં ટોપ 100મા પાંચ સંસ્થા** (૧) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી -ગાંધીનગર ૬૨.૧૦ સ્કોર સાથે ૯મા રેંકમાં (૨) એમ.એસ. યુનિ.ફાર્મસી ૫૫.૦૭ સ્કોર સાથે ૧૭મા ક્રમે (3) નિરમા ફાર્મસી કોલેજ ૫૩.૪૪ સ્કોર સાથે ૨૧મા ક્રમે (૪) એલ.એમ.ફાર્મસી કોલેજ ૪૭.૧૦ સ્કોર સાથે ૩૧મા ક્રમે અને (૫) બી.કે.મોદી કોલેજ-રાજકોટ ૩૭.૨૪ સ્કોર સાથે ૬૬મા ક્રમે

**કોલેજ કેટેગરીમાં 100મા માત્ર બે કોલેજનો સમાવેશ :** (૧) પી.ડી.પટેલ કોલેજ, ચાંગા ૫૮.૨૯ સ્કોર સાથે ૨૬મા ક્રમે અને (૨) સેંટ ઝેવિયર્સ કોલેજ ૫૨.૬૩ સ્કોર સાથે ૫૬મા રેંકમાં આવી છે.